### નડિયાદ મહાનગરપાલિકાના પ્રથમ ડેપ્યુટી મેયર તરીકે કલ્પેશ રાવળ અને સ્ટેન્ડિંગ ચેરમેન પદે પરાગ બ્રહ્મભટ્ટની વરણી કરાઇ

# નડિયાદના પ્રથમ નાગરિક તરીકે મનીષ પટેલની વરણી

**શાસક પક્ષના નેતા** તરીકે મેઘના શાહ અને દંડક પુષ્પાબેન પરમારની નિમણૂક

(પ્રતિનિધિ) નડિયાદ તા. ૨૬

નડિયાદ મહાનગરપાલિકાના વહીવટી માળખામાં મંગળવારે એક નવો અધ્યાય શરૂ થયો છે. ચૂંટાયેલી પાંખના મુખ્ય પાંચ પદાધિકારીઓની સત્તાવાર જાહેરાત સાથે જ નડિયાદના વિકાસની ધુરા નવા સુકાનીઓના હાથમાં સોંપાઈ છે. 51 બેઠકો પર ભવ્ય જનાદેશ મેળવ્યા બાદ, પક્ષના મોવડીમંડળે સંગઠન પ્રત્યે સમર્પિત કાર્યકર પર વિશ્વાસ મૂકીને મનીષ પટેલને શહેરના પ્રથમ નાગરિક બનાવ્યા છે.

નડિયાદ મનપાની આ વરણીમાં પક્ષે શિસ્ત અને વફાદારીને પ્રાધાન્ય આપ્યું હોય તેમ જણાય છે. મેયર પદે મનીષ પટેલ, ડેપ્યુટી મેયર તરીકે કલ્પેશ રાવળ અને સ્ટેન્ડિંગ કમિટીના અધ્યક્ષ તરીકે પરાગ બ્રહ્મભટ્ટ (બારોટ)ની નિમણૂક કરવામાં આવી છે.

મહિલા પ્રતિનિધિત્વને મજબૂત કરતા શાસક પક્ષના નેતા તરીકે મેઘના વિકાસકુમાર શાહ અને દંડક તરીકે પુષ્પાબેન પરમારની વરણી કરવામાં આવી છે. વહીવટી પ્રક્રિયા પૂર્ણ થતા જ તમામ પદાધિકારીઓને સરકારી વાહનો ફાળવી દેવામાં આવ્યા હતા અને તેમણે વિધિવત રીતે પદભાર ગ્રહણ કર્યો હતો.

નડિયાદ મનપામાં પદભાર સંભાળતા જ નવનિયુક્ત મેયરે રાજકીય પરિપક્વતા દર્શાવતા જણાવ્યું હતું કે, પ્રજાએ જે વિશ્વાસ મૂક્યો છે તેને સાર્થક કરવામાં આવશે. તેમણે નડિયાદની વર્ષો જૂની સમસ્યા એવી ચોમાસામાં પાણી ભરાવા અને વિકટ ટ્રાફિક સમસ્યાના નિરાકરણને પોતાની પ્રથમ પ્રાથમિકતા ગણાવી હતી. આ નિમણૂકો વખતે મોટી સંખ્યામાં રાજકીય આગેવાનો અને સમર્થકો ઉમટી પડ્યા હતા, જે પક્ષની લોકપ્રિયતા અને સંગઠિત શક્તિનો પરિચય આપે છે.





### કલ્પેશ રાવળ ડેપ્યુટી મેયર તરીકે ચૂંટાયા

ડેપ્યુટી મેયર તરીકે વોર્ડ ૯માંથી ૫૬૦૦ મતો મેળવીને વિજેતા થયેલા કલ્પેશ રાવળની પસંદગી કરાઈ છે. પોતાના કાર્યક્ષેત્રમાં કામ કરવાની ધગશ અને લોકોના પ્રશ્નો ઉકેલવાની આગવી સુઝ છે. પ્રદેશ કક્ષાના આગેવાનો સાથે સીધો સંપર્ક અને પક્ષના સંગઠનમાં તેમની સક્રિયતા તેમની આ નિમણૂક પાછળનું મુખ્ય કારણ મનાય છે.

### પીપલગના સરપંચથી મેયર સુધીની સફર



મેયર પદ માટે પસંદગી પામેલા મનીષ પટેલે વોર્ડ ૧૧ની સામાન્ય ચૂંટણીમાં ૬૧૨૮ મતો મેળવ્યા હતા. તેઓ અગાઉ પીપલગ ગ્રામ પંચાયતમાં સરપંચ તરીકે વહીવટી અનુભવ મેળવી ચૂક્યા છે. તેમની સામાજિક પકડ ખૂબ મજબૂત છે અને તેઓ તમામ વર્ગના લોકો સાથે સુમેળભર્યા સંબંધો ધરાવે છે. પક્ષ પ્રત્યેની વફાદારી તેમના માટે ફાયદાકારક સાબિત થઈ છે.

### પરાગ બ્રહ્મભટ્ટને સ્ટેન્ડિંગ કમિટીનું સુકાન

વોર્ડ ૫ માંથી ૬૯૬૬ મતોના જંગી તફાવતથી જીતેલા પરાગ બ્રહ્મભટ્ટને સ્ટેન્ડિંગ કમિટીનું સુકાન સોંપાયું છે. તેઓ પક્ષના ઘણા જૂના અને અનુભવી કાર્યકર છે. ભાજપના યુવા મોરચામાં જાહેર રાજકારણ શરૂ કરનારા પરાગ બારોટને હાલના રાજ્ય ગૃહમંત્રી હર્ષ સંઘવી સાથે ઘેરોબો હોવાની સાથોસાથ સ્થાનિક ધારાસભ્ય અને પ્રદેશના નેતાઓ સાથે પણ સારા સબંધો છે.રાજકીય કામગીરી ઉપરાંત તેઓ પોતાના વિસ્તારમાં સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિઓમાં પણ હંમેશા અગ્રેસર જોવા મળે છે.

---

**દૂર-દૂરના વિસ્તારોમાંથી આવતા નાગરિકો માટે આ સમસ્યા વધુ વિકટ**

# આણંદ આરટીઓમાં સર્વર પ્રોબ્લેમથી અરજદારો પરેશાન

**મુસાફરીનો સમય અને** વધારાનો ખર્ચ સહન કરવાનો વારો

(પ્રતિનિધિ) આણંદ તા ૨૬

આણંદ સહિત રાજ્યભરની આરટીઓ કચેરીઓમાં કેન્દ્ર સરકારના પોર્ટલની ધીમી ગતિ અને વારંવાર સર્જાતી ટેકનિકલ ખામીઓના કારણે અરજદારો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. પોર્ટલ ખુબજ ધીમું ચાલતું હોવાથી રોજિંદી કામગીરી પર અસર જોવા મળી રહી છે અને નાગરિકો કલાકો સુધી કચેરીમાં રાહ જોવાની ફરજ પડી રહી છે.

આરટીઓ કચેરીમાં વાહન નોંધણી, માલિકી ફેરફાર, લાયસન્સ સંબંધિત પ્રક્રિયા, ટેક્સ ભરપાઈ સહિતની વિવિધ સેવાઓ હવે સર્વરની સમસ્યાને કારણે ધીમી પડી ગઈ છે. અગાઉ જે કામગીરી સરળતાથી આશરે 20 મિનિટમાં પૂર્ણ થઈ જતી હતી તે જ કામગીરી હવે દોઢથી અઢી કલાક સુધી લંબાઈ રહી છે. પોર્ટલની કામગીરી વચ્ચે જ અટકી જતી હોવાના કારણે કર્મચારીઓ અને અરજદારો બંને મુશ્કેલી અનુભવી રહ્યા છે.

સર્વર વારંવાર ડાઉન થઈ જતું હોવાથી કામગીરી ધીમી ગતિએ ચાલી રહી છે. ઘણીવાર માહિતી દાખલ કરવાની પ્રક્રિયા પૂર્ણ થયા પછી પણ સિસ્ટમ લાંબા સમય સુધી પ્રોસેસિંગમાં જ અટકી રહે છે. પરિણામે એક જ કામ માટે અરજદારોને લાંબા સમય સુધી બેસી રહેવું પડે છે.

ખાસ કરીને દૂર-દૂરના વિસ્તારોમાંથી આવતા નાગરિકો માટે આ સમસ્યા વધુ વિકટ બની છે. મુસાફરીનો સમય અને વધારાનો ખર્ચ સહન કરવા ઉપરાંત કલાકો સુધી રાહ જોવી પડતી હોવાથી લોકોમાં અસંતોષ સાથે આક્રોશ ભભૂક્યો છે.

ટેકનિકલ ખામીઓના કારણે આરટીઓની કામગીરી પર અસર પડતાં અરજદારોમાં માંગ ઉઠી છે કે પોર્ટલની સમસ્યાનું તાત્કાલિક નિરાકરણ લાવવામાં આવે જેથી સામાન્ય નાગરિકોને અનાવશ્યક મુશ્કેલીઓનો સામનો ન કરવો પડી રહ્યો છે. આ અંગે અગાઉ પણ અનેક રજૂઆતો કરવામાં આવી છે. પરંતુ તંત્ર દ્વારા આ મુદ્દે ખાસ કાર્યવાહી થતી નથી.

---

**ખેડા લોકલ ક્રાઇમ બ્રાંચનો દરોડો**

# નડિયાદ શહેરમાં ‘ડબ્બા ટ્રેડિંગ’ નેટવર્કનો પર્દાફાશ

**પોલીસે રૂ. 76,200ના** મુદ્દામાલ સાથે શખસને ઝડપી પાડ્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા. ૨૬

નડિયાદના ગાયત્રી પોળ વિસ્તારમાં ઘરની બહાર બાકડા પર બેસી મોબાઈલ એપ્લિકેશન મારફતે ગેરકાયદેસર શેરબજાર અને નિફ્ટીનો સટ્ટો રમાડતા નીરવ પટેલ નામના શખ્સને ખેડા લોકલ ક્રાઈમ બ્રાન્ચે રંગેહાથ ઝડપી લીધો છે. પોલીસ તપાસમાં આરોપી ‘મેટા ટ્રેડર 5’ નામની એપ્લિકેશન દ્વારા 13 જેટલા ગ્રાહકોનું નેટવર્ક ચલાવતો હોવાનું બહાર આવ્યું છે. આ કૌભાંડમાં આણંદના મુખ્ય સૂત્રધારનું નામ ખુલતા પોલીસે બંને સામે ગુનો નોંધ્યો હતો.

ખેડા એલસીબીની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે નીરવકુમાર હર્ષદભાઈ પટેલ પોતાના ઘરની બહાર જાહેર રસ્તા પર બેસીને ગેરકાયદે ટ્રેડિંગ કરે છે. દરોડા દરમિયાન તેના મોબાઈલમાંથી ‘નિરવ 2’ નામનું માસ્ટર આઈડી મળી આવ્યું હતું, જેના દ્વારા તે અન્ય 13 સબ-આઈડી ઓપરેટ કરતો હતો. આ શખસ પાસે બોમ્બે સ્ટોક એક્સચેન્જ કે નેશનલ સ્ટોક એક્સચેન્જની કોઈ સત્તાવાર મંજૂરી નહોતી. સઘન પૂછપરછમાં જાણવા મળ્યું છે કે આ સમગ્ર કૌભાંડનો મુખ્ય સૂત્રધાર આણંદનો ગોપાલ ચંપકલાલ સોની છે. ગોપાલે જ નીરવને આ એપ્લિકેશન આપી હતી અને તમામ નાણાકીય લેવડદેવડ માત્ર રોકડમાં જ કરવામાં આવતી હતી. ગ્રાહકોને લાલચ આપીને તેમની સાથે વિશ્વાસઘાત કરવામાં આવતો હતો.

---

**આણંદમાં જીએસટી વિભાગ સતત વિવાદનું કેન્દ્ર બન્યું**

# GSTમાં બે ઉચ્ચ અધિકારીના વર્તનથી વેપારીઓ ત્રાહિમામ

**ગંભીર ગેરરીતિ અને** લાંચ-રુશ્વતના આક્ષેપો સાથે નાણામંત્રીને રજૂઆત

(પ્રતિનિધિ) આણંદ તા. ૨૬

આણંદ સ્થિત જીએસટી કચેરીમાં ફરજ બજાવતા બે ઉચ્ચ અધિકારીઓના ભ્રષ્ટાચાર અને સંબંધોને લઈ વેપારી વર્ગમાં ચર્ચાનો વિષય બન્યો છે. આ અધિકારીઓ સામે ગંભીર ગેરરીતિ, અનૈતિક સંબંધો અને લાંચ-રુશ્વતના આક્ષેપો કરતી એક સનસનાટીપૂર્ણ રજૂઆત રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈને કરવામાં આવી છે.

એક જાગૃત નાગરિક દ્વારા કરવામાં આવેલી આ લેખિત ફરિયાદમાં આક્ષેપ કરાયો છે કે આ અધિકારીઓના વર્તનને કારણે સરકારી તંત્રની છબી ખરડાઈ રહી છે.

આ અંગે રજુઆતમાં જણાવ્યા મુજબ, આણંદ જીએસટીના બે અધિકારી કલાકો સુધી ઓફિસમાં એક જ કેબિનમાં બેસી રહે છે. સવારના ૧૧:૦૦ થી સાંજના ૦૫:૦૦ વાગ્યા સુધી કેબિનનો દરવાજો અંદરથી બંધ રહેતો હોવાથી જનતાના કામો અટવાઈ રહ્યા છે. એટલે સુધી આક્ષેપ છે કે બંને અધિકારીઓ પરિણીત હોવા છતાં આણંદમાં ભાડે રાખેલા ફ્લેટમાં સાથે રહે છે અને ઓફિસમાં પણ ‘બેડરૂમ’ જેવું વાતાવરણ બનાવી દીધું છે.

આ ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે, ફટાકડાની પેઢીમાં પડેલા દરોડા તેમજ બોગસ બિલિંગના કિસ્સાઓમાં બંને અધિકારીઓએ સાથે મળીને ‘તોડ’ કર્યો હોવાના પુરાવા છે. વેપારીઓને આકારણીની નોટિસ આપી પૈસા પડાવવા અને રિકવરીના બહાને બેંક ખાતા ફ્રીઝ કરી પજવણી કરવામાં આવતી હોવાની રજૂઆત કરાઈ છે. આ બાબતે અગાઉ મૌખિક અને લેખિત રજૂઆતો કરવામાં આવી હોવા છતાં ઉપર સુધી ‘હપ્તા’ પહોંચતા હોવાથી ઉચ્ચ અધિકારીઓ મૌન સેવી રહ્યા છે.

હાલમાં આ મામલે નાણામંત્રી અને વિભાગના ઉચ્ચ અધિકારીઓ કેવા પગલાં લે છે તેના પર સૌની મીટ મંડાયેલી છે.

---

# પેટલાદના સુંદરણા પાસે બે બાઈકઅથડાતાંયુવકનુંમોત

**ક્રિકેટ ટુર્નામેન્ટની** પૂછપરછ કરી પરત ફરતા યુવકોને કાળ ભેટી ગયો

(પ્રતિનિધિ) પેટલાદ તા.26

પેટલાદના સુંદરણા રોડ પર પ્રાથમિક શાળા નજીક મોડી રાત્રે સર્જાયેલા ગમખ્વાર માર્ગ અકસ્માતમાં પેટલાદના એક યુવકનું કરુણ મોત નીપજ્યું છે, જ્યારે તેનો મિત્ર ગંભીર રીતે ઘાયલ થયો છે.

પેટલાદના મલાવ ભાગોળ વિસ્તારમાં રહેતા અને ઓટો ગેરેજ ચલાવતા ૨૬ વર્ષીય અરબાઝઅલી સૈયદ અને તેમનો મિત્ર અદનાનમીયા મલેક સોમવારે રાત્રે શાહપુર ગામે ક્રિકેટ મેચ રમીને સુંદરણા ગામે ફાઈનલ મેચ અંગે પૂછપરછ કરવા ગયા હતા. રાત્રિના સુમારે જ્યારે તેઓ સુંદરણાથી પરત પેટલાદ આવી રહ્યા હતા, ત્યારે સુંદરણા પ્રાથમિક શાળા અને જેટકો સબ સ્ટેશન વચ્ચેના વળાંકમાં સામેથી આવતી એક હીરો બાઈકે તેમની બાઈકને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં બંને મિત્રો રોડ પર પટકાયા હતા, જેમાં બાઈક ચલાવી રહેલા અદનાનમીયા મલેકને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ૧૦૮ મારફતે તેમને પેટલાદ સિવિલ અને ત્યારબાદ વધુ સારવાર માટે અન્ય ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન અદનાનમીયાનું મોત નીપજ્યું હતું. આ અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલા અરબાઝઅલી સૈયદની ફરિયાદના આધારે પેટલાદ રૂરલ પોલીસે અકસ્માત સર્જનાર બાઈક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

---

**વેરા વસુલાતમાં કડક કાર્યવાહીના અભાવે બાકીદારોને લીલા લહેર…!**

# આણંદમાં ૩૬.૧૭ લાખ વેરો વસુલાયો આંકલાવમાં સૌથી ઓછી વસુલાત થઈ

**૮ તાલુકાની ૩૪૬** ગ્રામ પંચાયતો દ્વારા વેરા વસૂલાત માટે નોટિસો ફટકારાઈ

(પ્રતિનિધિ) આણંદ તા.૨૬

આણંદ જિલ્લાની ગામપંચાયતોમાં વેરા વસુલાત માટે તંત્રને રાતદિવસ એક કરવાની નોબત આવી છે. શહેરી વિસ્તાર કરતા ગ્રામિણ કક્ષાએ બાકી વેરા વસુલાતની કામગીરી ધીમી અને મંથરગતિએ ચાલી રહી છે. જો કે ગ્રામિણકક્ષાના લોકો પશુપાલન અને ખેત ઉત્પાદન ઉપર જીવનનિર્વાહ કરી રહ્યા હોય નિયમિત પંચાયતના વેરા ભરી શકતા ન હોવાથી બાકી વસુલાત વધતી રહે છે.

પ્રાપ્ત માહિતી મુજબ આણંદ જિલ્લાના આણંદ, આંકલાવ, બોરસદ, ખંભાત, પેટલાદ, સોજિત્રા, તારાપુર અને ઉમરેઠ તાલુકાની ૩૪૬ ગ્રામ પંચાયતોમાં એપ્રિલ માસ સુધીમાં ૩૬.૧૭ લાખની વસુલાત કરવામાં આવી હોવાનું જાણવા મળ્યુ છે. જો કે બાકી વેરો વસુલવામાં તંત્ર દ્વારા નોટિસ ફટકારી સરકારી લેણું વસુલવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જિલ્લાના ગ્રામિણ લોકોને પુરી પાડવામાં આવતી સેવાઓનો ટેક્ષ વસુલવા માટે ગ્રામ પંચાયતોના તલાટી કમ મંત્રી અને સરપંચો દ્વારા વારંવાર ઉઘરાણી કરવા છતા ગામડાના લોકો બાકી વેરો ભરવામાં બેદરકારી દાખવી રહ્યા છે. દરેક ગ્રામપંચાયત દ્વારા સ્થાનિક રહીશોને પુરી પાડવામાં આવતી સેવા બદલ લાઈટવેરો, પાણીવેરો, વ્યવસાયવેરો, ઘરવેરો, ગટરવેરો અને સફાઈ વેરો ઉઘરાવવામાં આવે છે.

આણંદ જિલ્લાના ૮ તાલુકાના ૩૪૬ ગ્રામ પંચાયતોમાં ૩૦ એપ્રિલ સુધીમાં ૧૩,૩૪,૨૫,૭૫૩ રૂપિયાના માંગણા બીલો સામે ૩૬, ૧૭,૭૮૫ ૮૫ રૂપિયાની વસુલાત કરવામાં આવી છે. જો કે આંકલાવ તાલુકાની ગ્રામ પંચાયતોમાં માત્ર ૮.૯૫ ટકા જ વેરા વસુલાતની નબળી કામગીરી જોવા મળી છે. જેમાં ૧૩.૩૪ કરોડના માંગણા સામે ૩૬.૧૭લાખની જ ઉઘરાણી કે વસુલાત કરવામાં આવી છે. ગ્રામિણકક્ષાનું આર્થતંત્ર પશુપાલન અને ખેતી વ્યવસાય ઉપર નિર્ભર છે. ત્યાં વેરા વસુલવા માટે તલાટી દ્વારા માત્ર બાકીદારોને નોટિસ આપવામાં આવ્યા બાદ કડક રાહે કાર્યવાહીનો અભાવ રહે છે જેથી વેરા વસુલાતની કામગીરી નબળી રહે છે. નિયમિત રીતે વેરાની આવક ગ્રામ પંચાયતોને મળતી ન હોય તેને કારણે ઘણી બધી ગ્રામ પંચાયતોની આર્થિક સ્થિતિ કથળી રહી છે. કેટલાક કિસ્સાઓમાં કરાર આધારિત કર્મચારીઓને સ્વભંડોળમાંથી પગાર કરવાના પણ ફાંફાં પડી રહ્યા છે.

---

# બોરસદમાંવીજ કરંટથી૧૪ વર્ષીય કિશોરનું કરુણ મોત

**પરિવાર બહાર લીમડા** નીચે બેઠો હતો ને ઘરમાં પુત્ર કાળનો કોળિયો બન્યો

(પ્રતિનિધિ) બોરસદ તા.26

બોરસદ શહેરમાં સોમવારે બપોરે એક કરુણ અકસ્માત સર્જાયો હતો. શહેરના ટાઉન હોલ પાછળ આવેલા ભોભા તળાવ વિસ્તારમાં પતરાના ઘરમાં અચાનક વીજ કરંટ ઉતરતા ૧૪ વર્ષના કિશોર વિષ્ણુ નવઘણભાઈ કાંગસીયાનું કરુણ મોત નીપજ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, બોરસદના ભોભા તળાવ વિસ્તારમાં રહેતા ધીરૂભાઈ કાંગસીયા અને તેમનો પરિવાર સોમવારે બપોરે જમી પરવારીને ઘરની બહાર ફળિયામાં લીમડાના ઝાડ નીચે બેઠો હતો. આ સમયે તેમનો ભત્રીજો વિષ્ણુ ઘરમાં હતો. અચાનક વિષ્ણુએ બૂમ પાડતા પરિવારજનો દોડીને અંદર પહોંચ્યા હતા. તપાસ કરતા જાણવા મળ્યું કે, ઘર પતરાનું હોવાથી તેમાં કોઈ કારણસર વીજ કરંટ ઉતરી આવ્યો હતો.

વિષ્ણુનો જમણો પગ પતરાને અડી જતાં તેને વીજળીનો જોરદાર ઝાટકો લાગ્યો હતો અને તે ભોંયતળિયે પટકાયો હતો. તેના કાકા નવઘણભાઈએ તાત્કાલિક લાકડીના ડંડા વડે વિષ્ણુનો પગ પતરાથી છૂટો પાડ્યો હતો અને ગંભીર હાલતમાં તેને એક્ટિવા પર જ બોરસદ સીએચસી ખાતે લઈ ગયા હતા. જોકે, ત્યાં ફરજ પરના તબીબે તપાસ બાદ વિષ્ણુને મૃત જાહેર કર્યો હતો. આ ઘટના અંગે બોરસદ શહેર પોલીસે અકસ્માતે મોત (અપમૃત્યુ)નો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

---

# ખેડામાં 3 વર્ષના બાળકની શાંત દુનિયામાં કિલકિલાટ ગુંજશે

**આરબીએસકે ટીમના** પ્રયાસોથી ૨૫ લાખનું ઓપરેશન નિ:શુલ્ક સફળ

(પ્રતિનિધિ) ખેડા તા. ૨૬

ખેડા તાલુકાની આર.બી.એસ.કે. (RBSK) ટીમે એક મુસ્લિમ ભૂલકાને નવજીવન આપીને તેની શાંત દુનિયામાં અવાજની દુનિયાના દ્વાર ખોલી આપ્યા છે. સરકારી યોજનાઓ જ્યારે કર્તવ્યનિષ્ઠ અધિકારીઓ અને તબીબોના હાથમાં હોય ત્યારે તે ગરીબ પરિવારો માટે કેવી રીતે આશીર્વાદરૂપ બને છે, તેનું જ્વલંત ઉદાહરણ ખેડા તાલુકામાં જોવા મળ્યું છે.

ખેડા તાલુકાના ધરોડા ગામની આંગણવાડીમાં જ્યારે આરોગ્ય તપાસ ચાલી રહી હતી, ત્યારે ૩ વર્ષનો તકીર અબ્બાસ ઈમરાન અલી મોમીન તબીબોની પૂછપરછમાં કોઈ પ્રતિસાદ આપતો નહોતો. આ બાબત આર.બી.એસ.કે. ટીમના ડો. ગોપી પટેલ અને ડો. કૃષ્ણરાજસિંહ ટાંકે નોંધી હતી. જેમાં બાળકની તપાસ કરતા જાણવા મળ્યું કે તે મુકબધિર છે.

આથી, તબીબોએ બાળકના પરિવારનો સંપર્ક કરી તેમને સમજાવ્યા અને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે વધુ તપાસ માટે લઈ ગયા. ઓપરેશન પહેલાં બાળકમાં લોહીની ટકાવારી ઓછી જણાતા પહેલા તેની ટ્રીટમેન્ટ કરવામાં આવી અને ત્યારબાદ જટિલ ઓપરેશન હાથ ધરાયું હતું. જે ઓપરેશનનો ખર્ચ ખાનગી હોસ્પિટલોમાં આશરે ૧૫ થી ૩૦ લાખ જેટલો થતો હોય છે, તે અહીં સદંતર મફત કરવામાં આવ્યું હતું.

આ સફળ ઓપરેશન બાદ તકીર હવે સ્પષ્ટ સાંભળી શકે છે અને ધીમે ધીમે બોલવાની શરૂઆત કરી છે. હાલમાં તેની દર ૧૫ દિવસે સ્પીચ થેરાપી ચાલી રહી છે, જેથી તે ભવિષ્યમાં સામાન્ય બાળકોની જેમ સ્પષ્ટ બોલી શકશે. ખેડા જિલ્લા આરોગ્ય અધિકારી ડો. વી.એ. ધ્રુવ, આર.સી.એચ.ઓ. ડો. એ.એ. પઠાણ અને ખેડા તાલુકા હેલ્થ ઓફિસરના માર્ગદર્શન હેઠળ આ આખી કામગીરી સફળ રહી છે, જેનાથી એક માસૂમ બાળકને નવું જીવન



મળ્યું છે.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ<br>કિશોર પ્લાઝા,<br>આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી<br>સાગર ભુવન, ડભાણ<br>ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**

**મો. 99250 30225, મો. 99255 50225**